પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૩૨૧ | ૩ ફેબ્રુઆરી, ૨૦૨૦, સોમવાર; મહા સુદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

## ટી-૨૦માં ક્લિન સ્વિપ : ભારતે ઈતિહાસ રચ્યો

માઉંટ, તા. ૨

ભારતીય ક્રિકેટ ટીમે ન્યુઝીલેન્ડને ટી-૨૦ ઈન્ટરનેશનલ સિરિઝની પાંચમી અને અંતિમ મેચમાં સાત રને હાર આપી હતી. માઉન્ટ માઉંગાનુઈમાં રમાયેલી આ મેચમાં જીતની સાથે જ ભારતે નવો ઈતિહાસ રચી દીધો હતો. ભારતે પાંચ મેચોની શ્રેણીમાં ન્યુઝીલેન્ડ ઉપર ક્વિનસ્વિપ કરવામાં સફળતા મેળવી હતી. પાંચ મેચોની કોઈ દ્વિપક્ષીય ટી-૨૦ સિરિઝની તમામ મેચ જીતનાર ભારતીય ટીમ પ્રથમ ટીમ બની ગઈ હતી. ભારતીય ટીમે પ્રથમ બેટિંગ કરતા ૨૦ ઓવરમાં ત્રણ વિકેટે ૧૬૩ રન બનાવ્યા હતા. જવાબમાં ન્યુઝીલેન્ડની ટીમ નવ વિકેટે ૧૫૬ રન બનાવી શકી હતી. ટીમ ઈન્ડિયા તરફથી જસપ્રિત બુમરાહે ૧૨ રન આપીને ત્રણ વિકેટ ઝડપી હતી જ્યારે નવદીપ સૈની અને શાર્દુલ ઠાકુરે બે-બે વિકેટ ઝડપી હતી. ન્યુઝીલેન્ડે આ પહેલા પોતાના ઘરઆંગણે ત્રણ અથવા વધારે મેચોની દ્વિપક્ષીય શ્રેણીમાં તમામ મેચો ક્યારે પણ ગુમાવી ન હતી. વર્ષ ૨૦૦૫ બાદથી પોતાના ઘરઆંગણે કોઈ દ્વિપક્ષીય ટી-૨૦ સિરિઝમાં તમામ મેચ હારનાર બાબત પ્રથમ વખત બની છે. આ અગાઉ ફેબ્રુઆરી ૨૦૦૮માં ઈંગ્લેન્ડે ન્યુઝીલેન્ડ પર ૨-૦થી જીત મેળવી હતી. આજની મેચ પણ ખુબ જ રોમાંચક બની હતી. આ પહેલા શ્રેણીની ચાર મેચ જીતવાના કારણે કેપ્ટન વિરાટ કોહલીને આરામ આપવામાં આવ્યો હતો. બેટિંગ લાઈનઅપમાં



૫-૦થી ટ્વેન્ટી-૨૦ શ્રેણી જીતનાર પ્રથમ ટીમ : જીતવા માટેના ૧૬૩ રનના લક્ષ્યાંકનો પીછો કરતા ન્યુઝીલેન્ડ ૧૫૬ રન બનાવી શક્યું : બુમરાહ છવાયો

જેમાં ત્રણ ચોગ્ગા આટલા જ છગ્ગાનો સમાવેશ થાય છે. રાહુલે ૩૩ બોલમાં ૪૫ રન કર્યા હતા. બીજી વિકેટની ભાગીદારીમાં ૮૮ રન થયા હતા. શ્રેયસ અય્યરે પણ ૩૧ બોલમાં અણનમ ૩૩ રન બનાવ્યા હતા. મેચમાં કેપ્ટન તરીકે વાપસી કરનાર રોહિત ઈનિંગ્સમાં ઉતરી શક્યો ન હતો જેથી તેની જગ્યાએ સંજુ સેમસનને તક આપવામાં આવી હતી. ૧૬૪ રનના લક્ષ્યાંકનો પીછો કરતા ન્યુઝીલેન્ડની ટીમની શરૂઆત ખરાબ રહી હતી. બીજી ઓવરમાં જસપ્રિત બુમરાહે માર્ટિન ગુપ્ટિલની વિકેટ ઝડપી હતી. મુનરો ૧૫ રન કરીને આઉટ થયો હતો ત્યારબાદ પણ નિયમિત ગાળામાં ન્યુઝીલેન્ડે વિકેટો ગુમાવી હતી. જો કે, ટીમ શેફર્ડ અને રોસ ટેલરે બાજી સંભાળી હતી. આ ગાળા દરમિયાન ૧૦મી ઓવરમાં ન્યુઝીલેન્ડના બેટ્સમેનોએ ૩૪ રન બનાવી લીધા હતા. શિવમ દુબેની ઓવરમાં ચાર છગ્ગા અને બે ચોગ્ગા લાગ્યા હતા. ટીમ શેફર્ડ અને રોસ ટેલરે ચોથી વિકેટની ભાગીદારીમાં ૯૯ રન ઉમેરીને આશા જગાવી હતી. શેફર્ડે ૩૦ બોલમાં પાંચ ચોગ્ગા અને ત્રણ છગ્ગા સાથે ૫૦ રન કર્યા હતા. શાર્દુલે ૧૭મી ઓવરમાં એક ઓવરમાં બે વિકેટ ઝડપી હતી. આ સાથે જ ન્યુઝીલેન્ડની આશા ઉપર પાણી ફરી વળ્યું હતું. રોસ ટેલર આઉટ થયા બાદ જીતવાની આશા ખતમ થઈ હતી. આની સાથે જ ભારતે આ શ્રેણી ૫-૦થી જીતી લીધી હતી. ન્યુઝીલેન્ડની જમીન પર ભારતે ઈતિહાસ સર્જ્યો હતો.

## નિર્ભયા કેસના દોષિતોને વહેલી તકે ફાંસીની માંગણી અંગે ચુકાદો અનામત

નવી દિલ્હી, તા. ૨

નિર્ભયાના દોષિતોને વહેલીતકે ફાંસી પર લટકાવવાની માંગ કરનાર કેન્દ્ર સરકાર અને દિલ્હી પોલીસની અરજી ઉપર સુનાવણી બાદ દિલ્હી હાઈકોર્ટે ચુકાદો અનામત રાખી દીધો છે.

કેન્દ્રીય ગૃહમંત્રી અને દિલ્હી પોલીસે હાઈકોર્ટમાં અરજી દાખલ કરીને પટિયાલા હાઈકોર્ટના એવા આદેશ પર રોક લગાવવાની માંગ કરવામાં આવી હતી જેમાં નિર્ભયાના દોષિતોના ડેથ વોરંટ પર અમલને લઈને બ્રેક મુકવામાં આવી છે.

સરકાર તરફથી સોલીસીટર જનરલ તુષાર મહેતાએ દોષિતો ઉપર કાનૂનના દુરુપયોગનો આક્ષેપ કરવામાં આવ્યો છે. ત્યારબાદ દોષિતોના વકીલોએ દલીલો કરી હતી. એસજીએ કહ્યું હતું કે, મુકેશ અને વિનયની દયા અરજી ઉપર ચુકાદો લેતા સમયે રાષ્ટ્રપતિ તમામ તથ્યોને જોઈ ચુક્યા છે. જો પવન દયા અરજી દાખલ કરશે નહીં ત્યાં સુધી તમામ દોષિતોને ફાંસી અપાશે નહીં તેવો પ્રશ્ન કરવામાં આવ્યો હતો. દોષિતોને એક એક કરીને ફાંસી આપવાને લઈને દિલ્હી સરકારને કોઈ તકલીફ નથી. તિહારને પણ કોઈ તકલીફ નથી. કોઈ નિયમો આવું કરવાથી રોકતા નથી. દોષી મુકેશ તરફથી વકીલ રેબોકા જોને કહ્યું હતું કે, વર્તમાન મામલામાં નિચલી કોર્ટથી જારી આદેશને હાઈકોર્ટમાં પડકાર ફેંકી શકાય નહીં.

## દિલ્હીમાં આજે નરેન્દ્ર મોદી ચૂંટણી માટે રેલીને સંબોધશે

ન્યુ દિલ્હી,તા.૨

દિલ્હી વિધાનસભાની ચૂંટણીનો જંગ બરાબરનો જામ્યો છે. દરેક પાર્ટી જીત મેળવવા માટે એડી ચોટીનું જોર લગાવી રહી છે. ભારતીય જનતા પાર્ટીએ પણ મેચ જીતવા માટે યોગી આદિત્યનાથને મેદાને ઉતાર્યા બાદ હવે પોતાનું બ્રમ્હાસ્ત્ર પણ અજમાવ્યું છે. હવે દિલ્હીની ચૂંટણીને આડે ગણતરીના જ દિવસો બાકી છે ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની એન્ટ્રી થવા જઈ રહી છે.

કેન્દ્રીય પ્રધાન અમિત શાહ અને ભારતીય જનતા પાર્ટીના અધ્યક્ષ જેપી નડ્ડા બાદ હવે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની એન્ટ્રી થવા જઈ રહી છે. પીએમ મોદી ત્રણ ફેબ્રુઆરીએ દિલ્હીના કડકડડૂમામાં સીબીડી ગ્રાઉન્ડમાં ચૂંટણી રેલી કરશે. વિધાનસભા ચૂંટણીની જાહેરાત બાદ દિલ્હીમાં પીએમ મોદીની આ પહેલી જ ચૂંટણી સભા હશે. દિલ્હીની ૭૦ વિધાનસભાની સીટો પર ૮ ફેબ્રુઆરીએ મતદાન યોજાશે. ૧૧ ફેબ્રુઆરીએ મતગણના થશે અને ચૂંટણી પરિણામ જાહેર થશે.

## નાગરિક સુધાર કાનૂનને ઉદ્ધવ ઠાકરેનું સમર્થન

મુંબઈ, તા. ૨

મહારાષ્ટ્રના મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેએ નાગરિક સુધારા કાનૂનનું સમર્થન કર્યું છે. જો કે, ઉદ્ધવ ઠાકરેએ આની સાથે સાથે એનઆરસીનો વિરોધ કર્યો છે અને મહારાષ્ટ્રમાં એનઆરસીને લાગૂ નહીં કરવાનો નિર્ણય કર્યો છે. શિવસેનાના મુખપત્ર સામનામાં આપેલી એક મુલાકાતમાં ઉદ્ધવ ઠાકરે દ્વારા આ મુજબની વાત કરવામાં આવી છે. મહારાષ્ટ્રમાં સત્તારુઢ મહાવિકાસ અઘાડી સરકારના મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેએ કહ્યું છે કે, સીએએથી દેશના કોઈપણ નાગરિકની નાગરિકતા આંચકી લેવામાં આવનાર નથી. અલબત્ત એનઆરસીને મહારાષ્ટ્રમાં લાગૂ કરવામાં આવનાર નથી. એનઆરસી લાગૂ થઈ ગયા બાદ હિન્દુ અને મુસ્લિમ બંને માટે નાગરિકતા સાબિત કરવાની બાબત ખુબ મુશ્કેલરુપ બની જશે. બીજી બાજુ દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં નિવેદનબાજીના કેન્દ્ર બની ગયેલા શાહીનબાગમાં આજે સવારથી જ જોરદાર હોબાળો થયો હતો. માર્ગને ખોલી દેવા માટે લોકો ખુલ્લીરીતે મેદાનમાં આવી ગયા છે.

### દિલ્હીમાં ૩૦૦ યુનિટ ફ્રી વીજળીની ખાતરી

## કોંગ્રેસે 'આપ'વાળી કરી ફ્રી વિજળીનું ચૂંટણી વચન

નવી દિલ્હી, તા. ૨

કોંગ્રેસ પાર્ટીએ દિલ્હી વિધાનસભાની ચૂંટણી પહેલા આજે પોતાનું ઘોષણાપત્ર જારી કર્યું હતું. કોંગ્રેસે સત્તામાં આવ્યા બાદ ૩૦૦ યુનિટ વિજળી ફ્રી આપવાનું વચન આપ્યું છે. સરકારી નોકરીમાં મહિલાઓને ૩૩ ટકા અનામત આપવા, ૨૦૦૦૦ લીટરથી ઓછા પાણી ખર્ચ પર ૩૦ પૈસા પ્રતિલીટરના હિસાબથી કેસબેક જેવા પોતાના વચનની જાહેરાત કરી છે. આ ઉપરાંત કોંગ્રેસે વચન આપ્યું છે કે, જો તેની પાર્ટી સત્તામાં આવશે તો એનપીઆર અને એનઆરસીને લાગૂ કરવામાં આવશે નહીં. દિલ્હી પ્રદેશ અધ્યક્ષ સુભાષ ચોપડા, અજય માંકન અને આનંદ શર્માએ કોંગ્રેસ તરફથી ચૂંટણી ઘોષણાપત્ર જારી કરીને વચન આપ્યા હતા. ઘોષણાપત્રમાં ટ્રાન્સઝેન્ડર માટે શીલા પેન્શન યોજના હેઠળ ૫૦૦૦ રૂપિયા પ્રતિ મહિના ભત્થા આપવાની પણ જાહેરાત કરવામાં આવી છે. દિલ્હી વિધાનસભા ચૂંટણીને લઈને અન્ય વચનો પણ આપવામાં આવ્યા છે. અમારી દિલ્હી ટેગ લાઈન સાથે આ ઘોષણાપત્ર જારી કરવામાં આવ્યું છે. કોંગ્રેસે કહ્યું છે કે, કર્ણાટકની ઈન્દિરા કેન્ટીનની જેમ જ ૧૦૦ ઈન્દિરા કેન્ટીન ખોલવામાં આવશે. દિલ્હીની પ્રજાને વચન આપવામાં આવ્યું છે કે, જે લોકોની નોકરી જતી રહી છે તે લોકોને તેમની સરકાર બન્યા બાદ પાંચ હજારનું વળતર આપવામાં આવશે. કોંગ્રેસે એમ પણ કહ્યું છે કે, ૩૦૦ યુનિટ સુધી વિજળી ખર્ચ થવાની સ્થિતિમાં કોઈ બિલ આવશે નહીં. એટલે કે ૩૦૦ યુનિટ સુધી વિજળી ફ્રી રહેશે. ૩૦૦થી ૪૦૦ યુનિટ ખર્ચ થવાની સ્થિતિમાં ૫૦ ટકા, ૪૦૦થી ૫૦૦ યુનિટ પર ૩૦ ટકા જ્યારે ૫૦૦થી ૬૦૦ યુનિટ ખર્ચ થવા પર ૨૫ ટકાની છુટ આપવામાં આવશે. કોંગ્રેસે યુવા સ્વાભિમાન યોજના લાગૂ કરવાની વાત કરી છે.

## શાહીનબાગમાં રસ્તો ખોલવાના મુદ્દે પ્રદર્શનકારીઓ સામે પ્રદર્શનકારીઓ



નવી દિલ્હી,તા.૨

શાહીન બાગ વિસ્તારમાં આવેલા દિલ્હીના મહત્વના રોડ પર છેલ્લા ૫૦ દિવસથી કેટલાક પ્રદર્શનકારીઓ નાગરિક સંશોધન કાયદા (ઝછછ)ના વિરોધમાં ધરણા પર બેઠા છે. જેના કારણે આસપાસના લોકોને પારાવાર મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. આખરે કંટાળીને આ રસ્તો ખુલો કરાવવા સ્થાનિક લોકો રસ્તા પર ઉતર્યા છે.

જેથી શાહીન બાગમાં પ્રદર્શનકારીઓ વિરૂદ્ધ પ્રદર્શનકારીઓ જેવી સ્થિતિ ઉભી થઈ છે. પ્રદર્શનકારીઓનું કહેવું છે કે, શાહીન બાગમાં ચાલી રહેલા આંદોલનના કારણે તેમને બાળકોને શાળાએ મુકવા જવાથી લઈને કામ-ધંધે જવામાં ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. રાજધાની દિલ્હીનો શાહીન બાગ વિસ્તાર છેલ્લા કેટલાક સમયથી દેશભરમાં ચર્ચાનું કેન્દ્ર બન્યો છે. અહીં છેલ્લા ૫૦ દિવસથી મોદી સરકારના નાગરિક સંશોધન કાયદા એટલે કે ઝછછ વિરૂદ્ધ ધરણા પ્રદર્શનો થઈ રહ્યાં છે. આ પ્રદર્શનકારીઓએ અહીંથી નિકળતો મુખ્ય રસ્તો જ બંધ કરી દીધો છે. પરિણામે સ્થાનિક લોકોને તો ઘરની બહાર નિકળવુ પણ માથાનો દુખાવો બની ગયો છે. જેથી સ્થાનિક લોકોમાં આ પ્રદર્શનકારીઓ વિરૂદ્ધ ભારોભાર રોષ ભભુકી ઉઠ્યો છે.

અંતે કંટળીને શાહીન બાગના સ્થાનિક લોકો રસ્તા પર ઉતર્યા છે. તેઓ શાહીન બાગમાં અડ્ડો જમાવીને બેઠેલા પ્રદર્શનકારીઓ વિરૂદ્ધ નારેબાજી કરી રહ્યાં છે. સ્થાનિકો માંગણી કરી રહ્યાં છે કે પ્રદર્શનકારીઓ દ્વારા રોકી રાખવામાં આવેલો રસ્તો ખોલવામાં આવે. જોકે પોલીસે સ્થાનિક પ્રદર્શનકારીઓને ધરણા સ્થળે પહોંચે તે પહેલા જ રોકી લીધા છે.

## કેરળમાં કોરોના વાયરસનો બીજો પોઝિટિવ કેસ મળ્યો

કોચ્ચી,તા.૨

કેરળમાં બીજો કોરોના વાયરસનો કેસ નોંધાયો છે. આ કેસ નોંધાતાની સાથે કેરળમાં ચિંતા વધી છે. જેના કારણે ડૉક્ટરો વધારે સજાગ થયા છે. આ કેસ સ્થાનિકોમાં ચર્ચાનું કેન્દ્ર બન્યો છે. આ દર્દી પણ ચીનથી જ આવ્યો છે.

કેરળમાં વધુ એક પોઝિટીવ કેસ નોંધાયો છે. દર્દી ચીનથી આવ્યો હતો. તેને હોસ્પિટલમાં આઈસોલેશનમાં રાખવામાં આવ્યો છે. તેની હાલત હાલમાં સ્થિર છે અને તેને સતત ઓબ્જર્વેશનમાં રાખવામાં આવ્યો છે. કેરળમાં આ બીજો કેસ નોંધાયો છે. જોકે આ દર્દી ક્યાંનો છે અને કેવી રીતે કે કોરા વાયરસનો શિકાર બન્યો તે જાણી નથી શકાયો.

કેરળમાં આ પહેલા પણ એક પોઝિટીવ કેસ સામે આવ્યો હતો. એટલે કે કેરળમાં બે પોઝિટીવ કેસ નોંધાયો હતો. ઉલ્લેખનીય છે કે તે અગાઉ નોંધાયેલા કેસમાં વિદ્યાર્થી ચીનનાં વુહાન વિશ્વવિદ્યાલયમાં તે અભ્યાસ કરી રહ્યો હતો. થોડાક દિવસ પહેલા જ તે કેરળ આવ્યો હતો. આ વિદ્યારથીની હાલત સ્થિર હતી. તે કડક સુરક્ષા વચ્ચે રાખવામાં આવ્યો છે. આરોગ્ય વિભાગે આ વાતની ખરાઈ કરી હતી. રિપોર્ટ્સ પ્રમાણે કેરળમાં ૧૭૯૩ લોકોને હાલમાં દેખરેખ હેઠળ રાખવામાં આવ્યા છે.

ચીનમાં ફેલાયેલા ઘાતક કોરોનાવાયરસની સંક્રમણથી અત્યાર સુધી મૃતકોની સંખ્યા ૩૦૪ થઈ ગઈ છે. જ્યારે ૧૪,૩૮૦ લોકો ચેપગ્રસ્ત હોવાની પુષ્ટિ થઈ છે. રાષ્ટ્રીય સ્વાસ્થ્ય આયોગે (એનએચસી) પોતાના દૈનિક રિપોર્ટમાં જણાવ્યું છે કે શનિવાર સુધી આ ઘાતક બીમારીથી ૩૦૪ લોકોનાં મોત થયા છે અને ૧૪,૩૮૦ લોકો આ વાયરસને કારણે ચેપગ્રસ્ત થયાની પુષ્ટિ થઈ છે. ચીનના એનએસસી અનુસાર તમામ લોકોનાં મોત હુબેઈ પ્રાંતમાં થયા છે. હુબેઈમાં ૨૪ કલાકમાં ૪૫ લોકોના મોત થયા છે. આયોગના કહેવા પ્રમાણે શનિવારે કોરોના વાયરસના ૪૫૬૨ શકમંદ કેસ સામે આવ્યા હતા.

### મોર્નિંગ વોક પર નીકળેલા બચ્ચનને બાઈક સવાર બદમાશોએ માથામાં ગોળી મારી

## હિન્દુ મહાસભાના અધ્યક્ષ રંજીત બચ્ચનની હત્યા

લખનઉ,તા.૨

ઉત્તર પ્રદેશની રાજધાની લખનઉના હઝરતગંજ વિસ્તારમાં રવિવારે સવારે આંતરરાષ્ટ્રીય હિન્દુ મહાસભાના અધ્યક્ષ રંજીત બચ્ચનની ગોળી મારીને હત્યા કરી નાખવામાં આવી છે. રંજીત બચ્ચન મૉર્નિંગ વૉક પર નીકળ્યા હતા. આ દરમિયાન બાઈક સવાર બદમાશોએ તેમના માથામાં ગોળી મારી દીધી હતી. રંજીત બચ્ચનનું ઘટનાસ્થળે જ મોત થઈ ગયું હતું. ઘટનાસ્થળે પહોંચેલી પોલીસે મૃતદેહનો કબજો લઈને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો છે. સાથે જ પોલીસે હુમલાખોરોની તપાસ શરૂ કરી છે.

નોંધનીય છે કે રંજીત બચ્ચન હઝરતગંજના ઓસીઆર બિલ્ડિંગમાં રહેતા હતા. રંજીત બચ્ચન મૂળ ગોરખપુરના નિવાસી હતી. તેઓ સમાજવાદી પાર્ટીના સાંસ્કૃતિક કાર્યક્રમ પણ કરતા



હતા. બાઈક સવાર બદમાશોએ માથામાં ગોળી મારીને તેમની હત્યા કરી નાખી હતી. જે બાદમાં ઘટનાસ્થળે પોલીસ કમિશનર સહિતના અધિકારીઓ દોડી ગયા હતા. ઘટના સવારે આશરે છ વાગ્યે બની હોવાનું કહેવામાં આવી રહ્યું છે. રંજીત બચ્ચન તેમના મિત્ર આશિષ શ્રીવાસ્તવ સાથે મૉર્નિંગ વૉક પર નીકળ્યા હતા. જ્યારે તેઓ ગ્લોબ પાર્કથી નીકળ્યા ત્યારે જ બદમાશોએ તેમના માથામાં ગોળી મારી દીધી હતી. આ ઘટનામાં તેમના મિત્ર આશિષ ઘાયલ થયા છે, જેની સારવાર ટ્રોમા સેન્ટરમાં ચાલી રહી છે. હત્યાનું કારણ માલુમ પડ્યું નથી. પોલીસ હાલ તપાસ કરી રહી છે. નોંધનીય છે કે ગત વર્ષે હિન્દુ નેતા કમલેશ તિવારીની પણ ઘરમાં ઘૂસીને હત્યા કરવામાં આવી હતી. હવે રંજીત બચ્ચનના મોતથી અનેક સવાલ ઉભા થયા છે.

રંજીત બચ્ચન સમાજવાદી પાર્ટી સાથે પણ સંકળાયેલા હતા. તેઓ સપા માટે સાંસ્કૃતિક કાર્યક્રમો પણ યોજતા રહ્યા છે. તેમની હત્યા બાદ સપાએ રાજ્યની યોગી સરકાર પર પ્રહાર કર્યા છે. સમાજવાદી પાર્ટીએ ટ્વીટ કર્યું છે કે આ હત્યાને કારણે વ્યાપક દિવસોના પ્રકાશમાં સામાન્ય લોકોમાં ભય છે.

## આવતીકાલથી આરબીઆઈની મહત્ત્વની બેઠક

મુંબઈ, તા. ૨

બજેટ બાદ આરબીઆઈની નાણાંકીય પોલિસી સમીક્ષાની બેઠક હવે ચોથી ફેબ્રુઆરીથી મળનાર છે. આ બેઠક છઠ્ઠી ફેબ્રુઆરી સુધી ચાલનાર છે. આ બેઠકમાં અંતિમ દિવસે પરિણામ જાહેર કરવામાં આવશે. વ્યાજદરમાં ઘટાડો કરવામાં આવશે કે કેમ તેને લઈને હજુ સુધી કોઈ જાહેરાત કરવામાં આવી નથી પરંતુ જાણકાર લોકોના કહેવા મુજબ આરબીઆઈ રેપોરેટને યથાસ્થિતિમાં રાખી શકે છે. મોટાભાગના નિષ્ણાતોનો અભિપ્રાય છે કે, ફુગાવાના દરમાં હાલમાં વધારો થયા બાદ આરબીઆઈ રેપોરેટનો યથાસ્થિતિમાં રાખી શકે છે. નૌમુરાના જાણકાર લોકોનું કહેવું છે કે, આરબીઆઈ પોલિસી રેટને યથાવત રાખશે. આગામી સપ્તાહમાં કોમોડિટી વલણને યથાવત રાખવામાં આવશે. જો કે, આગામી પોલિસી સમીક્ષા બેઠકમાં આરબીઆઈ દ્વારા વ્યાજદરમાં ૨૫ બેઝિક પોઈન્ટનો ઘટાડો કરવામાં આવી શકે છે.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225

GP Gujarat State Petronet Limited
Corporate Identity Number : L40200GJ1998SGC035188
Reg. Off.: GSPC Bhavan, Sector-11, Gandhinagar-382010, Gujarat, India. Tel.: +91-79-66701001 / 23268500
Fax: +91-79-23268506 Website : www.gspcgroup.com E-mail: investors.gspl@gspc.in

Pursuant to Regulation 47 (1) of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015, Notice is hereby given that the Meeting of the Board of Directors of the Company will be held on Thursday, the 13th February, 2020, inter-alia, to consider and take on record the Un-audited Financial Results *(Standalone & Consolidated)* of the Company for the Quarter ended on 31st December, 2019.
The said intimation is also available on the Company's website viz. www.gspcgroup.com and may also be available on the website of Stock Exchanges at www.bseindia.com and at www.nseindia.com.

For Gujarat State Petronet Limited
sd/-
Reena Desai
Company Secretary

Place: Gandhinagar
Date: 1st February, 2020